ભયંકર ખુન

ઉર્ફે

ઝેરી સાપ

નાટકનાં ગાયનો.

શ્રી હિન્દ વિજય નાટક કંપની
ને માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મેનેજર અલારખા કરીમબક્ષ.

આવૃતી પહેલી. મત ૧૦૦૦.

મહાલક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસમાં લા૦ જ૦ મંકોડીએ છાપ્યું
કચેરી રોડ—કરાચી.

કીમત ૦-૨-૦

ઝેરી સાપ નાટકના ગાયનો.

બાળાઓ— ૧.

આવી આવી સુખ દેનારી
રૂમઝુમ કરતી કૃષ્ણુની પ્યારી
રિદ્ધી સિદ્ધી ધારી દુખો હરનારી
મંગળકારી હસ્તી સ્વારી
જયજય બોલો સખીયો સૌ સારી—આવી.

૨.

બસ દગા તણી છે દુનિયા
બસ માલ દગામાં છે
સુખ દગાથી રાજ દગાથી આનંદ તેમાં છે
મારૂં જઇ વિરંદશીંહને દગા થકી આવાર
ઓ કટાર કર પાર કર દુશ્મનને કર ઠાર...ટેક

બલાહુક— ૩.

પાપીના પ્રાણુ હરૂં—ટેક
પલકમાં લઉં જાન
તરશી થઇ છે અસી મારી
દુશ્મન વિદારૂં
તાજ તું હું શીરપર ધારીસ
દગાથી હું તુજને મારીશ
રક્ત પીશ તારૂં...ટેક.

મીરસીંહ— ૪.

અહો કળા તુજ કળી ન સકાય
વેદ બ્રહ્માદીકથી ન પરખાય
ગરીબને તું સાહ બનાવે
સાહ ને તું ભીખ મંગાવે
મનની વૃતી રહે મનમાંહી—ટેક.

નાથીઓ— ૫.

માહી મને વરઘોડો બનાવો
ઘોડો બનાવો મે ગોરી પરણાવો
ઢઠાક ઢમ વાજા વગડાવો
બસ ઢમ ઢઠાક ઢમ—ટેક
તારા જેવી વડી રૂપાળી
એવી વહુ લાવો મારી
ન જોઈએ કાળી કુબરાળી—ટેક.
પોળી રૂબાક હોયતો હા છે
કાળી કુબળીની મારી ના છે
બસ જલ્દી ઝટ પરણાવો-ટેક.

ડોસી— (ગગા હજી તું નાનો છે.)
નાથીઓ— (ડોસી કળયુગમો જમાનો છે)
નારસીંહ— ૬.

વેર લઉં બસ વેર

વરતાવું કાળો કેર
પિતાને મુજ માર્યાં
જીંદગી કરીસ તુજ ઝેર
રાજે હવે હુંશીયાર
કરીસ તુંજને પાર
જટકી પટકીસ તુંજને
જોજે હવે મુજ પેર—ટેક.

બાળકાઓ— ૭.

લીધો એનો શમસેરો કાળો
રંગીએ જુનો બાંકો રઢીઆળો
ચલાવ.
પટ્ટાના હાથ બતાવો દુશ્મન થર થર કંપાવો
ભેરૂ સાચો દોસ્ત બચાવો.
ચાલો એનો જોવા રઢીઆળો
વધાવીંને કુદે લટકાળો-ટેક.

સાવિત્રી— ૮.

કોને કહું હાગમની આ વાત
રોતાં રોતાં જાયે રાત—ટેક.
બાળપણું મુજ ગયું છે વહી
ખીલ્યા ગુલાબી બે ગાલ
જાળી ન અંગમાં સમાય સખીરી—ટેક,

વળી નાગણુ સરીખા છે વાળ
કેદી થઇસ હવે શાંન્ત સખીરી...ટેક.

સાવીત્રી-- ૯

મળ મુત્રની આ કાયા; તેમાં શું જોઇ ભરમાયા
રંગ રૂપ સહુ ઉપરના છે; અંદર પરૂને પાચ ભર્યા છે
વિચારો ક્ષત્રીના જાયા—ટેક.
કથીરને જેમ ગીલીટ ચડાવો, સોનાથી સરસ બનાવે
કથીરમાં શું મોહ્યા...ટેક.
અતિ સંતાપી કંઇક મુવા છે; નામનિસાન તેના નવ રહ્યા છે
ભુરે હાલ સહુ મરાયા—ટેક.
લંકાગઢ રાવણે ગુમાવ્યો; જગત માત સિતાને લાવ્યો
દસ શિષ ધુળે રોળાયા—ટેક.
દુર્યોધને દ્રોપદી સંતાપી; ભુરે હાલ મુવો તે પાપી
એમા સાર કોઇ નથી પામ્યો—ટેક.

ચંદા-- ૧૦

પતિદીન ઉઠયો તમારો

બલાહુક-- ધાર્યું બસ મનનું કરનારો
ચંદા-- મુરખડા મનરે વારો
બલાહુક-- પ્રાણ જતાં નહિ મુકનારો
ચંદા-- પતિ એક દીન એવો આવસે
રાજ તાજ ધુળમાં રોળાસે
બલાહુક-- માંજર કહેન સીકું તુટસે

બલાહુક કદીન વડરસે
જાન જાતાં નહિ ફરનારો—ટેક.

ખુશાસીંહ--   ૧૧

છું બ્રાહ્મણ ખનખનીયો (૨) બસ દાસ રૂપીયાનો
દાસ રૂપીયાનો બસ દાસ રૂપયાનો...ટેક.
રામ લીલા કરી જગતને ઠગું છું
મનુષ્ય પાસે અપવાસી બ્રહ્મચારી બનું છું
વાંઝીયાને હું મંત્રથી પુત્ર આપુ છું
રાંડી રાંડ તણા હું ધન હરૂં છું
માટ સઉ ભાઇ મુજ સમ બનો...ટેક.

ખુશીહ--   ૧૨

યાદ રાખજે બચ્ચા તું હું એવી યુકિત જમાવું (૨)ટેક
જોજે હવે તું
પારાધી બનીને જાળમાં ફસાવું (૨)
બચી જવાનો સુ-ટેક—યાદ રાખજે.

બલાહુક—   ૧૩

આજ ફત્તેહના છે ડંકા દુશ્મન પકડાશે
જીવતાં ચરમ ઉતારી ઉતારીસ; ત્યારે શાંન્ત દિલ થાસે—
મુજ શમસેર તરસી થઇ છે; રકત તુંજ પીસેસ...ટેક.

લીલા—   ૧૪

મોહનને મે નેણે લોભાવ્યા

નેણુ લોભાવ્યા ચટકે બનાવ્યા...ટેક.
આજ ખરચો। આવશે દુખડા સઉ જાસે
ઘેલો છું એની વાસે ઉમેદ મારી ફળશે
નણદીના વિરા હુલુસીને આવો...ટેક.

ખુશાસીંહ— ૧૫

કોઈને એક વહુ કોઈને બે વહુ
વાંઢાને વિયોગે દુઃખી થયો
કેને દુખ કહું કયાં જઇ રોઉં
ચણાના જેમ હું સુકાયો
છું વર લટકાળો; વળી છું ચટકાળો
કેદી કહેસે વર વરણાગીઓ—ટેક.

લીલા— ૧૬

છોડો છોડો (૨) વાલમજી ઘેલા રસીકજી
ચુડી નંદાસે મારી

ખુશાસીંહ— પાય પડું (૨) હું પ્યારી કરૂં લાચારી
ટળયાને સીહને નારી

લીલા— જોસીડા બોલાવો લગન જોવરાવો
ત્યારે થઇસ તમારી

ખુશાસીંહ— જોશ જોવું છું શ્લોક ભણું છું
વિધ્યા જાણું છું સારી
ઋમરતમ સુભલગ્નમ

સમર પયાંગી-તું-તું-તું—ટેક.

ખુરશીદ-તથા-બૈરાંઓ— ૧૭

ઓધા જાણે તેને અમે જાણીએરે
વર રાધા તણો વખાણીએ રે
વાહલા કામણ કીધાં તારાં નેણે રે
મોહ્યાં મોહ્યાં આ તારા વેણે રે
તારા મોરલીએ કામણ કીધાં રે
તન મન અમ હરી લીધાંરે—ટેક.

ખુરશીદ— ૧૮

જગતની જુઠી છે જંજાળ (૨)
સાચો ભુખે મરસે ખટપટીયા લાલ મલાલ
સાચું કહેતાં લાગશે દુઃખ (૨)
હાજી ભરી હાજી કરસે તે લાગસે સુખ
મીયાની ચહે ચાંદ કહેજે (૨)
પઇસાથી ખીસ્સા ભરસે આનંદ કરસે તે
ઘર ચકડોલે ચઢાવે (૨)
સ્ત્રી પુરૂષનિ વેર કરાવે જુદા પડાવે
તેનાથી ડરીને ચાલજો (૨)
મુજ ગરીબનું માનીને વિશ્વાસ નવ કરજો.

બિરજીસ— ૧૯

મોહન તારી મુરતી પ્યારી

હ્રદય વસીએ મન હરનારી
અજબ છે પ્રેમના કૃત્યો સુઝે ન કાંઇ
લાગી હ્રદય કટારી સુઝે નવ હાય કાંઇ
જયાં નિહાળું ત્યાં છબી છે તારી
જેને વિતી હોય તે પ્રેમને પ્રમાણે
હિરાની કિમ્મત ઝવેરી હોયતે જાણે
સુદ્ધ સાન વિસર્યો હ્રદયની સારી—ટેક.

ઇન્દીરા— ૨૦

લાગી......રે નેણુંની ચોટ લાગી (૨)
આવો આવો ના તરસાવો પ્રેમ જવાળાને બુઝાવો
આવીને છેલ પ્રેમ રસ પાઓ!
પ્યારા......રે અજબ જોત જાગી
નવિન પુષ્પો આ ખીલ્યાં છે
ભ્રમર વિના તલસી રહ્યાં છે
મોહનગારે જાદુ કર્યું છે
વાલા......રે પધારોને સોહાગી—ટેક.

ઇન્દીરા-સાહેલીયો— ૨૧

સાહેલીયો:— જો જો વાલી ઘેલી રઢીઆળી
ખીલ્યો કેવો બાગ આ (૨)

ઇન્દીરા— જાજા આલી બહુ છકેલી ઠાલી,..ખીલ્યો.

સાહેલીયો— પ્રેમ ઘેલી

૩૭૫૨

ઈન્દીરા— વીટી વેલી

વા મતવાલી

સાહેલીયો— ભેટસે પ્રીતમ બા (૨)

ઇન્દીરા— જાવો નહિ બનાવો સાહેલડી

સાહેલીયો— વાહરે વાહ વારે વાહ રસઘેલડી

ઇન્દીરા— ક્યાં

સાહેલીયો— એ આ

ઈન્દીરા— એ ના

સાહેલીયો— એ હા—ટેક.

ઈન્દીરા-વિરસીંહ— ૨૨

ઈન્દીરા— છોડો રંગના રેલારે (૨)

વિરસીંહ— વાહ વાહરે રસીલી (૨)

ઇન્દીરા— થયા પ્રેમ ઘેલા (૨)

વિરસીંહ— હાં હાંરે નવેલી (૨)

ઈન્દીરા— શું સતાઓ

વિરસીંહ— ના તરસાવો

ઈન્દીરા— ના ના ના

જુવે કોઇ આવે

વિરસીંહ— કોણ છે બતાવે

ઈન્દીરા— આ આ આ—છોડો.

અંક પહેલો સમાપ્ત.

'સાવીત્રી— ૨૩

લાલાને પારણે ઝુલાવું
સુઇજા વાલા મીઠડા લાલા
રસીકડા ગીતડાં ગાઉં—ટેક.
આ લો લો લો લો (૩)
ઉ ઉ ઉ (૩) વાહાલોને
ગાંડા ન થઇએ જાજા ન રોઇએ
જોઇ ખુશી હુતો થાઉ ...ટેક

લુંટારાઓ— ૨૪

મધુ પીઓ મસ્ત બનો દુશ્મન વિદારો
વાજી વાજી વાજી વાહ (૨)
ભારીને જામ સ્વર્ગનું ધામ થાય અપાર
અહા અહા આહા (૨)—ટેક.

સાખી.

કાયરને શુરા બનાવે એવો છે એ રસ
જંગ મચાવે રિપુ ડરાવે ઉડાવો ભાઇઓ બસ.

કામાવંતી— ૨૫

ભક્તાણી પ્રભુના મે ફેરુંગી રઉં પાણી
ભોળી રસીલી સૌ સીઓ સઉ ગત્યું—ટેક.
ટીલા ટપકાં કપાળે કરૂ છુ
જોગી જતીના મન હરૂં છુ

ભોળી રસીલી લાયો સઉ જાણી—ટેક.

જોબનીએ જોગીડા ઝુલાવું

પતિ પાસ સતિ હું કહવું

ભોળી રસીલી પિયુ પાએ જાણી...ભક્તાણી.

ખુશાલીહ-કામાવંતી— ૨૬

ખુ— આ માળા પ્યારી તારા નામની

તારા નામની નહિ રામની

કા— તમે ભોળા પુરા જોગીડા

ખુ— ટીલાં ટપકાં કરી ધુન કરૂ તુંહી કૃષ્ણ સામ

કા— ભાગવાતા ભગવાન વસે હું રતિનું કામ

ખુ— વાહ વાહ વાહ

તું ગકતાણી છો જોગીના કામની ..ટેક.

સ્વાર્થલીલ-કા-ખુ— ૨૭

પાપીને દરશન કરાવો રાધાના વર

દરશનનો લ્હાવો. લેવરાવો રાધાના વર

કા— આવોને નાથજી લક્ષ્મીના કાંતજી

પ્રેમનું ચુમન કરવો—ટેક.

ખુ— (બચ્ચા તારી સતિ સ્ત્રીના પગ ધોઇને પીશ તો થો.

(દિવસમાં દરશન દઇશ)

સ્વા— ભોળા ભગવંત ગરીબ નિવાન છો

કા— આજતો પ્રભુ સિધાવો—ટેક.

સાવીત્રી—   ૨૮

હાય હાય હાયરે પ્રભુ સીદસા કરી માહરી
સાહ્ય કરો દયાળુ દુઃખી થઇ ગઇ હુતો હારી
પતિ દુઃખી થયા પાપ મારા નડયાં
કેમ અનમપર કુર નજર ગઇ વિભુજી તમારી
રાધાના રઢીઆળા જસોદાના લાલા
નવ વેઠાય દુઃખ મુજથી નાંખોને મારી

સાવીત્રી—   ૨૯

વારે આવસે વિઠલે રે જોછે જસોદાનો લાલ
રાધાનો રઢીયાળો કૃષ્ણ મોરલીનાગો
જગત તણો પ્રતીપાલ—ટેક.
કળગ્રહથી પાંડવ ઉગાયા વાંકો થયો નહિ વાળ
દ્રોપદીના જેણે ચિર પુરયાં
છે દિન દયાળ....ટેક.
મચ્છ કચ્છવામન રૂપ ધાર્યું ભકતપર આણી વાહલ
ગજ છોડાવ્યો રાવણ માર્યો
દુષ્ટનો આણ્યો કાળ--ટેક
કાતર ગજ પ્રબલ વ્હાલાની હરજી જગ દયાલ
વધું ઘટુ વાલો નહીં વેરે સતીની લેશો સંભાળ
પ્રહ્લાદ કારણ સ્થંભે પ્રગટ્યા
મારે ઘરકાંઇ ખ્યાલ- ટેક
જેને સંતાપી સતી અબળાને
સંત્યા બુરે હાલ--ટેક

કામાવંતી— ૩૦

નાજુકડી છું નખરાળી છું પ્રીતમ મળ્યો ગમાર
ધિક ધિક બળ્યો મુજ અવતાર
જોઇ બળું છું હાય મરૂં છું સોધુ રસીક યાર
સોંપું તન મન ધનને પ્યાર
મારી હાય યુવાની જાએ અંગે અંગે ઉઠે છે લ્હાય
નવ ખમાય નવ વેઠાય મારૂં પેટ કટાર
મારા યોવનનો જાએ બહાર
કોઇ મેળવું રસીલો કાન્ત, કામ જ્વાળા થાય મુજ શાંન્ત
વારી જાઉં ગેઉં કરૂં ગળાનો હાર
સુધારે બાળ્યો મુજ સંસાર—ટેક

પ્રેમદાસ-રામદાસ— ૩૧

ડોસા એક મારૂંગા
હડી એક તોડ ડાલુંગા

ખુશસીંહ— હાય બાઇડી ઓયરે ઓય
ચુપ કર અય ગધે સાર
ચુપ કર અય ગમાર

ખુશસીંહ— જોઇ જ્યો બાઇડી ઓયરે ઓય
નાક કાટ ખાઉંગા
કાન તોડ ડાલુંગા

ખુશસીંહ— બાઇડી કોઇ કરસોમાં ભાઈ કોઈએ—

પ્રેમદાસ-કામાવંતી— ૩૨

પ્રેમદાસ--ટુકડ કર ડાલા
જીગર મેરા તુને પ્યારી

કામાવંતી-જોબનાએ જુલાવીશ સરદીસન ન્યારી

પ્રેમદાસ—જાદુ વારી જોબન મત વાલી
દો પારી મારી કટારી

કામાવંતી-એમ

પ્રેમદાસ —એ હા

કામાવંતી-પાઈશ પ્રેમ પ્યાલી—ટેક

અંક બીજો સમાપ્ત

બલાહુક— ૩૩

હાય સું કરૂં મન ગભરાયે
થરર થરરર જીવ થાયે
હાથ આવે નાદાન લઉં પલકમાં જાન
જવાળા પ્રગટે રૂદયના માંયે
જો જો ગમાર પહોંચાડીશ યમાર
વેર જવાળ ત્યારે ઓલવાએ

બલાહુક-- ૩૪

જો જે ગમાર ઠગી સહું પાર
પલમાં તારો જાન લઈશ
છે ધિક્કાર હણ્યો કુમાર
હવે તુજને નવ છોડીશ
પાયમાલ કરીશ હું પાપી
યાદ રાખજે તું નટ ખટ
લાય લાય થાય છે દીલમાં
શીર ઉડાવી ચટ ચટ—ટેક

નાયકા--   ૩૫

જલ જુમુંના ના જઈએ નજર લાગે
નજર લાગેરે (ર) જલ
હું જલ જુમુના ભરવા ગઈતી
કાન કુંવર ઉભા આગેરે--ટેક
શોકની સંગે રમે રસીકડો
જોઈને તનમાં આગ લાગેરે--જલ

બલાહુક--   ૩૬

જા જા બસ દુર થાતું
નહિ તો તુજ જાન લઉસ હું
વાકયો તારા સાંભળી
લાગ્ય થાય તનમાં
સ્ત્રી હત્યા ભય રાખું મારૂં નહીં તો પલમાં
હવે વદીસ પાપીણી ઠાર મારીશ હું તને
કહે કટુ વચનો ગુમાન સમજે શું મને--ટેક

વિંસીહ--   ૩૭

પ્રેમની કફની પ્યારી જોયા કરૂ છું પ્યારી
ઇન્દુ વરણી કામણગારી નેણાની મારી કટારી
ખટકે છે રેન સારી--ટેક
બાલ રંગ મુજ વાલ હોઠ અધ્ધર પ્રવાલ
લીધું છે ચીત ચોરી--ટેક

કામાવંતી-પ્રેમદાસ ૩૮

આવો આવોને ભગવાન મારા વાલા

કરૂં તન મન ધન કુરબાન છો રઢીઆલા

પ્રેમદાસે—લાવ બમ બાંન્ડીને ચપીન

કામાવતિ-લાગો વ્હાલા ઉડાવો પોર્ટવાઈન

પ્રેમદાસ—માઈ તું હય મેરી દીલજાન

ચલ ધુત માલા--ટેક

ખુશાસીંહ-- ૩૮

સજન મુંખડા બત લાવોંરે

બતલાવોરે (૨)

તેરી સુતકી લાગી લગનીયા

પ્યારીકો ના સતાવોરે

રંડીકા યાર સદા ખુવા

કોટોકા બીબાના જુતીઓકા માર

આ જારે નફટ જારે--ટેક

સાધુ— ૪૦

એક અજબ ભેદ બતલાવુંરે સાંભળો શાણાં

વાલાની વાટ દેખાડુંરે--ટેક

કોઈ સંત સમાધી ધરતાં; કોઈ બ્રહ્મચારી વ્રત કરતાં

કોઈ વિશ્નુને ભજતારે--ટેક

કોઈ પરમહંસ કહેવતાં, કોઈ અંગે ભસ્મ ધરતાં

કોઈ ખાખી દંન્ડી કહેવાતાં--ટેક

જેને મન અશ્વને બાંધ્યો, તેને જેને એ મંત્રને સીખ્યો

તે પ્રભુ પદને પામ્યોરે--ટેક

ઈન્દીરા-- ૪૧

ઐ...........થઇ ઘેલી
મોહનજી સીકજી સુકાય રસવેલી
લાલા માળા તારી લીધી, અંગે ભસ્મ પ્રેમની કીધી
નટવરજી છેલાજી, બની છું પ્રેમ ઘેલી--ટેક

નાયીઓ-નાથલી-- ૪૨

નારી જાણો બાઇઓ નહીં પ્રમાણી
પેટમાં કપટ ઉભે ને મીઠી વાણી
દિલમાં જે નર ભારે નેણોથી તે લોભાવે
રમે દગાને દાવે મતલબ ખાતર લોભાવે
અકકલની ઓછી બુધી પગની પાનાં
કદી નહીં તે ચાહી--ટેક

નાથલી-- સાખી

કબીર ગોરખ આદી સંતો જનમ્યા સ્ત્રીને પેટ
રામ સુધન્વા સુદામા વળી સગાળશા શેઠ
દ્વારકાવાસી શ્રી કૃષ્ણે પણ નારી પ્રમાણી-

ઇન્દીરા-સખીયો ગરબો-૪૩

સજનીયો રસીલી મળી સહુ ગાવો ગાવો
રંગ છવરાવો છવરાવો લોભાવો
ખીલી રજતી ચાદરે સરદની સોહામણી-ટેક
પ્રીતમ વિનાની ઝુરે મન બાળા
સુખ સાધન સહુ દીસે કાલા
લાગી લગની રોઇ મરે બીચારી કામીની--ટેક

સાખી

જાઇ જુઈ ચંપો ચંબેલી શોભે અતી સુખકર
કોયલડી કલ્લોલ કરે મોર કરે ટહુકાર
લેહ લાગી અજબ લેહ લાગી
મને પ્રેમ કટારી વાગી—ટેક
મારા રહદયમાં પ્રેમ જોત જાગી
ઘરબાર દીધાં સહુ ત્યાગી —સજનીઓ

સાખી

કાગળ લખું સાહયબા આવો લાગુ પાય
રાતેદીન હું ટળવળું વીયોગના વેદય
ઘડી વર્ષ સમ જાય છે, મારા પ્રેમી પોપટજી લેલ
તમ વીના જીવ જાય છે મારાં પ્રેમી પોપટજી લોલ
આવો પધારો સાહબજારે મારા પ્રેમી પોપટજી લેલ
વધાવું વાલા મોતીએરે મારા પ્રેમી પોપટજી લોલ—ટેક

હીંદી ૧— ૪૪

અરજી શ્રીકમજી ધરજોરે કૃષ્ણ મોરારી
દાસીની દાદ લેજો બાલા તમારી

સાખી

ભક્તો કેરે કારણે જનમ્યા ગોકુળમાંય
કંસ હિણાયોં પુતના, મરી વ્રજ તણા હે રાય
કિંકરાનો કર ધારજોરે, રહદયમાં ધારી-ટેક

નાથણી— ૪૫

જાએ માગ યોવનનો બહાર જુ હું લટકાળી
મળ્યો નાનો ભરથાર બળ્યો મુજ અવતાર

સાડી ગુલાબી ચોલી ચટકાળી
તેણે નાંખું કંઇકને ઠાળી
મેળવું ગલાનો હાર
હું રૂપળી ને મટકાળી ને રઢીઆળી--ટેક

મતલબસીંહ-નાથાઓ નાથલી—૪૬

મતલબ-ચાલો મારી વ્હાલી ગળે હાથ ઘાલી
નાથલી-પાઇશ પ્રેમ પ્યાલી
ના— ના-ના-ના
ના— જા મુવા અહીંથી મારીસ, જાનથી બીઉં ન તુજથી
ના-ના-ના
વાહ રસીલી તારો પ્યાર
છે તમ જીંદગી ને ધીક્કાર
ભાગ્ય ખીલ્યાં
જુવો છો ક્યાં
ચુપ કર મુવા તું દૂરજ થા —ટેક

લીલા— ૪૭

કામણ કીધાંરે વ્હાલાના નેણે
વ્હાલાના નેણે (૨)
દેશ દેસના વઇદ્ય બોલાવો
જોસીડાને જોસ બતાવો
કાળજડા વિંધ્યાંરે (૨)
ભુત ભવાડાને બોલાવો
નજર લાગી તે ઉતરાવો
મન હરી લીધાંરે (૨)

લીલા-ખુશસીંહ— ૪૮

ચાલોને વ્હાલા છો રઢીઆલા
પ્રેમ તણા લેવા લ્હાવો

ખુશસીંહ—ચાલો રસીકડા પ્રેમે પોપટડી
પ્રેમ તણા પ્યાલા પાવો

લીલા— મારા મોહનજીરે સોનીડા એ લાવો
હાર હીરાનોરે ચુડી રત્ન જડાવો

ખુશશીંહ—(કાલે સોનીડા બોલાવીશું)

લીલા.— (તો તો જોગનીએ ઝુલાવીસ).
પધારો પાતળીઆ મહેલે રસીકડા
અમૃત જીણાંને વરસાવો—ચાલો

વાર્તા

ઇન્દીરા-વીરસીંહ— ૪૯

ઇન્દીરા— છોડો શું શ્યામ થયા ઘેલા

વિરસીંહ—પ્રેમ પીતીના પાઓ પ્યાલા
નહીં શરમાવો
મેણે લલચાવો
ભાળીને ભોળારો રઢીયાળા
ચુંમ્બન દીયો બીજીને દીયો.

વિરસીંહ—રદયથી મીલાવું રસ મળા

૫૦

વિભુ તુજ ગતી નવ કળાય
ઠરયો સહુના મનમાં મુગટ રાય
લળી લાગીએ પાય, ગોવીદ રાયા છો તમો વ્હાલા

વિશ્વંભરા જસોદાના લાલા
દયા લાવી દીધો ન્યાય ———— વિશુ

સમાપ્ત.

આ કંપનીના ઓપેરા
જ્યાં કંપનીનું મુકામ હશે
ત્યાંથી મળશે.

ખેલ નામે,	કીમત.
શારદા વિજય	૦ - ૨ - ૦
ભયંકર ખુન ઉર્ફે ઝેરી સાપ	૦ - ૨ - ૦

મેનેજર અલારખા કરીમભાઇ.